### 15મા નાણાપંચની ગ્રાન્ટમાં ગેરરીતિનો આક્ષેપ, તાલુકા વિકાસ અધિકારી સમક્ષ લેખિત અરજી

## ખાનગી શૌચાલયને સામૂહિક શૌચાલય બતાવી રૂ. 60 હજારની ચુકવણીનો આક્ષેપ, ઢઢેલા ગ્રામ પંચાયતના તલાટી-વહીવટદાર સામે રજૂઆત

યોગ્ય કાર્યવાહી નહીં થાય તો જિલ્લા વિકાસ અધિકારી, વિકાસ કમિશનર સમક્ષ રજૂઆત

(પ્રતિનિધી) દાહોદ, તા.4

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાની ઢઢેલા ગ્રામ પંચાયત હેઠળના મોટીબારા ગામમાં ખાનગી માલિકીના શૌચાલયને સરકારી રેકોર્ડમાં સામૂહિક શૌચાલય તરીકે દર્શાવી તેના નામે રૂ. 60,025ની ચુકવણી કરવામાં આવી હોવાનો આક્ષેપ ઉઠ્યો છે. આ મામલે ગ્રામ પંચાયતના તલાટી-કમ-મંત્રી વિનોદ મનસુખ દામા અને વહીવટદાર હાર્દિક રમણ પારગી સામે તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ) ને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆત મુજબ, સરકારી શાળાની બાજુમાં આવેલું મકાન મૂળ અરવિંદ પુના સેલોતનું હતું. આ મકાનમાં વર્ષોથી ખાનગી ઉપયોગ માટે શૌચાલય અને બાથરૂમ બનાવવામાં આવ્યા હતા. અરજીમાં જણાવાયું છે કે આશરે પાંચ દિવસ પહેલાં તલાટી વિનોદ મનસુખ દામા, વહીવટદાર હાર્દિક રમણ પારગી તથા અન્ય લોકો મકાન પાછળ આવેલા ખાનગી શૌચાલયના ફોટોગ્રાફ લઈ સરકારી વેબસાઈટ પર અપલોડ કર્યા હતા. ત્યારબાદ 27 જુલાઈ, 2026ના રોજ 15મા નાણાપંચની ગ્રાન્ટ હેઠળ વિવિધ વિકાસ કાર્યોના બિલોની ચુકવણીમાં મોટીબારા ગામે શૌચાલયના કામ માટે રૂ. 60,025ની ચુકવણી કરવામાં આવી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. ગ્રામજનોએ તપાસ કરતાં જે શૌચાલયને સામૂહિક તરીકે દર્શાવવામાં આવ્યું છે તે ખાનગી મિલકતનો ભાગ હોવાનું સામે આવ્યું હોવાનું રજૂઆતમાં દાવો કરવામાં આવ્યો છે. ત્યારબાદ નીતાબેને પણ તપાસ કરતાં થોડા દિવસ અગાઉ તેમના મકાનના પાછળના ભાગે આવેલા શૌચાલયના ફોટા લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હોવાનું અરજીમાં ઉલ્લેખ છે. અરજદારના જણાવ્યા મુજબ, તેમણે આ મુદ્દે તલાટી વિનોદ મનસુખ દામા અને વહીવટદાર હાર્દિક રમણ પારગીનો સંપર્ક કરતાં બંનેએ જણાવ્યું હતું કે તેઓએ તાલુકા વિકાસ અધિકારી ગોસ્વામીની સૂચના અનુસાર કાર્યવાહી કરી હતી. વધુમાં, આ મામલે તાલુકા પંચાયતની બાંધકામ શાખાના એસ.ઓ. કુણાલ પ્રજાપતિએ સ્થળ ચકાસણી અને ફોટોગ્રાફના આધારે બિલ મંજૂર કર્યા હોવાનું કહી વધુ માહિતી માટે તાલુકા વિકાસ અધિકારી તથા બાંધકામ શાખાના અધિકારીનો સંપર્ક કરવા જણાવ્યું હતું, એવો અરજદારનો દાવો છે. અરજદારના જણાવ્યા મુજબ સંતોષકારક જવાબ ન મળતાં તેમણે 29 જુલાઈ, 2026ના રોજ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરવા પહોંચ્યા હતા. જોકે તે સમયે તાલુકા વિકાસ અધિકારી અને બાંધકામ શાખાના અધિકારી હાજર ન હોવાથી રજૂઆત ટીડીઓને સોંપવામાં આવી હતી.

**15મા નાણાપંચની ગ્રાન્ટ શું કહે છે?**

- 15મા નાણાપંચની ટાઇડ ગ્રાન્ટનો ઉપયોગ મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારોમાં પીવાનું પાણી અને સ્વચ્છતા સંબંધિત કાર્યો માટે થાય છે.
- આવા વિકાસ કાર્યોમાં ખર્ચની વિગતો, ફોટોગ્રાફ અને અન્ય પુરાવા સરકારી ડિજિટલ સિસ્ટમમાં નોંધવાના હોય છે.
- જો સરકારી ગ્રાન્ટ હેઠળ થયેલા કામ અંગે ગેરરીતિની ફરિયાદ થાય તો તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી અથવા અન્ય સક્ષમ અધિકારી દ્વારા તપાસ થઈ શકે છે.

### રોટરી ક્લબ ડાયમંડ દ્વારા આયોજન

## દાહોદ તાલુકાના ખરેડી ગામે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધી) દાહોદ, તા.4

દાહોદ તાલુકા ના ખરેડી ખાતે આવેલ સ્કીલ અપગ્રેડેશન સેન્ટર ખાતે રોટરી ક્લબ ઓફ ડાયમંડ દાહોદ દ્વારા એકસો અગિયાર વૃક્ષો રોપી કાર્યક્રમ કરાયો હતો. રોટરી ક્લબ ડાયમંડ દાહોદ ના પ્રમુખ રતન સિંગ બામણિયા,સેક્રેટરી લતાબેન સોલંકી,રોટરી ના સહાયક ગવર્નર હીરાલાલ સોલંકી,ક્લબ સદસ્યો પ્રદીપ રાઠોડ,મોનિકા બેન પટેલ, ગણપત ભાઈ જાદવ ઉપસ્થિત રહી વૃક્ષા રોપણ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો. સેન્ટર ના પ્રશિક્ષણ લેતા સો કરતા વધુ યુવાનો વૃક્ષા રોપણ કાર્યક્રમ માં જોડાયા હતા. ઉપસ્થિત યુવાનોને વુક્ષો થકી પર્યાવરણ ની જાળવણી કઇ રીતે કરી શકાય તેની જાણકારી હીરાલાલ સોલંકી એ આપી હતી.

### પંચમહાલ જિલ્લાના ઉ.મા.શિક્ષકોમાં આનંદની લાગણી

## ૧૭૩ શિક્ષણ સહાયકોને પૂરા પગારના આદેશો એનાયત કરાયા

શિક્ષણાધિકારીની કચેરીની પારદર્શક અને ઝડપી કામગીરી બિરદાવી

(પ્રતિનિધી) ગોધરા, તા.4

પંચમહાલ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૧માં કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયાથી નીમણૂક પામેલા ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૧૭૩ શિક્ષણ સહાયકોને પૂરા પગારના આદેશોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા હાથ ધરાયેલી કામગીરી અંતર્ગત કેમ્પ મોડમાં ઝડપી પ્રક્રિયા પૂર્ણ કરીને નિયમાનુસાર પૂરા પગારમાં પ્રવેશ પામેલા તમામ ૧૭૩ શિક્ષણ સહાયકોને આદેશો સુપ્રત કરવામાં આવ્યા હતા. આદેશો પ્રાપ્ત થતાં જ તમામ શિક્ષણ સહાયકોએ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીની પારદર્શક અને ઝડપી કામગીરી બિરદાવી ખુશી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ નિરવભાઈ પટેલ, સંચાલક મંડળના પ્રમુખ પી.ડી. સોલંકી, જિલ્લા શિક્ષણાધિકારી કિરીટ પટેલ તેમજ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આચાર્ય સંઘ, ઉચ્ચતર માધ્યમિક સંઘ સહિત વિવિધ કર્મચારી સંવર્ગના પ્રમુખો અને મંત્રીઓએ પણ હાજરી આપી નવીન શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા.

### કાલોલના સુરેલી ગ્રામ પંચાયતનો બનાવ

## RTI હેઠળ માહિતી TDOના હુકમ છતાં તલાટીએ માહિતી ન આપતા મામલો ગરમાયો

(પ્રતિનિધી) કાલોલ, તા.4

સુરેલી ગામના બ્રાહ્મણ ફળિયાના રહીશ પ્રવીણકુમાર દિલીપસિંહ પટેલ દ્વારા તા ૧૧/૦૩/૨૬ ના રોજ આરટીઆઈ એક્ટ હેઠળ અરજી આપી વર્ષ ૨૦૧૬થી આજ દિન સુધી ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલા વિવિધ વિકાસ કામો, ગ્રાન્ટનો વપરાશ, અને નાણાકીય લેવડદેવડ અંગે ૧૫ જેટલાં મહત્વના મુદ્દાઓ પર પ્રમાણિત નકલો માંગતી RTI અરજી કરવામાં આવી હતી. અરજદાર દ્વારા માંગવામાં આવેલી માહિતી સમયમર્યાદામાં ન મળતા અથવા અધૂરી/અસંતોષકારક જણાતા, અરજદારે પ્રથમ અપીલ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી (TDO), કાલોલ સમક્ષ અપીલ દાખલ કરી હતી. આ અપીલ અરજી ની સુનાવણી દરમિયાન અરજદારે રજૂઆત કરી હતી કે તેમને જાહેર માહિતી અધિકારી તરફથી આજદિન સુધી કોઈ માહિતી મળેલ નથી. તમામ રજૂઆતો ધ્યાને લીધા બાદ, અપીલ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી, કાલોલ દ્વારા તારીખ ૨૦/૦૫/૨૦૨૬ ના રોજ આદેશ કરવામાં આવ્યો હતો કેઃ "જાહેર માહિતી અધિકારી અને તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત સુરેલીએ અરજદારને કચેરીમાં ઉપલબ્ધ માહિતી આ હુકમની નકલ મળ્યેથી ૧૫ દિવસમાં વિનામૂલ્યે રુબરૂમાં અથવા રજિસ્ટર ટપાલ મારફતે પૂરી પાડવી તાલુકા વિકાસ અધિકારી (TDO) ના સ્પષ્ટ હુકમ અને નિર્દેશ હોવા છતાં, TDO ના આદેશનું પાલન ન થતાં અરજદાર પ્રવીણકુમાર પટેલે હવે આ સમગ્ર મામલે ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ બીજી અપીલ દાખલ કરી છે.

### ફતેપુરાના હોળી ચકલા વિસ્તારમાં બે આખલાઓ વચ્ચેના દ્વંદ્વ યુદ્ધથી અફરાતફરી મચી

**દાહોદ :** દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકા મથક એવા ફતેપુરા ગામના હોળી ચકલા વિસ્તાર માં ગઈકાલે બે આંખલાઓ વચ્ચેના દ્વન્દ્વયુદ્ધના પગલે સર્જાયેલા આતંકથી અફરાતફરી મચી જવા પામી હતી. લોક અવરજવર તેમજ વાહનોની અવર જવરથી સતત વ્યસ્ત રહેતા રસ્તા પર બે આખલાઓ સામ સામે આવી જતા તેમની વચ્ચે અચાનકદ્વન્દ્વ યુદ્ધ સર્જાયું હતું જે દરમિયાન લોકોમાં ભારે નાસભાગ મચી જવા પામી હતી. અને રસ્તા પરનો વાહન વ્યવહાર થોડા સમય માટે ખોરવાઈ ગયો હતો. આ દ્વંદ્વયુદ્ધ દરમિયાન એક આખલો અચાનક બેકાબુ બન્યો હતો અને રસ્તા નજીક આવેલા એક મકાનમાં સીધો જ ઘૂસી ગયો હતો. અચાનક ઘરમાં આંખનો ઘૂસી આવતા જ ઘરના સભ્યોમાં ભારે નાસભાગ તેમજ ચીસાચીસ અને ભયનો માહોલ સર્જાયો હતો.

### ઓનબોર્ડિંગની કામગીરીમાં ઉદાસીનતા દાખવતા કાર્યવાહી કરાઇ

## દાહોદ જિલ્લામાં CBDC કામગીરી ન કરતાં આઉટસોર્સ ઓપરેટરોની બદલી

(પ્રતિનિધી) દાહોદ, તા.4

દાહોદ જિલ્લામાં CBDC ઓનબોર્ડિંગની કામગીરીમાં ઉદાસીનતા દાખવતા આઉટસોર્સ અને ડેટા એન્ટ્રી ઓપરેટરો સામે તંત્રએ લાલ આંખ કરી છે, અને તાત્કાલિક અસરથી આઠ ઓપરેટરોની બદલીના હુકમો જારી કર્યા છે. દાહોદ જિલ્લામાં CBDC (સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી) આધારિત ઓનબોર્ડિંગની કામગીરી ખૂબ જ મહત્વપૂર્ણ છે, પરંતુ અત્રેની કચેરી તેમજ વિવિધ તાલુકાઓમાં ફરજ બજાવતા કેટલાક આઉટસોર્સ ઓપરેટરો આ કામગીરી પ્રત્યે ઉદાસીનતા દાખવતા હોવાનું અગાઉ ધ્યાને આવ્યું હતું. ભવિષ્યમાં CBDC પ્રોજેક્ટના સુચારુ અને સચોટ અમલીકરણને ધ્યાનમાં રાખીને તેમજ જાહેર હિતને પ્રાથમિકતા આપીને જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા આ આંતરિક બદલીઓનો આદેશ કરવામાં આવ્યો છે. નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ (NFSA) અંતર્ગત અને ડેટા એન્ટ્રી ક્ષેત્રે સેવા આપતા આ ઓપરેટરોને તાત્કાલિક ધોરણે નવા સ્થળો ફાળવવામાં આવ્યા છે. જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી, દાહોદ ખાતે ફરજ બજાવતા હાર્દિક બારિયાની બદલી મામલતદાર કચેરી, દાહોદ ખાતે કરવામાં આવી છે, જ્યારે મામલતદાર કચેરી, દાહોદના ધર્મેશ ગાળીયાવાળાને જિલ્લા પુરવઠા અધિકારીની કચેરીમાં મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત, જિલ્લા પુરવઠા કચેરીના NFSA ઓપરેટર બી.એસ. વસૈયાને મામલતદાર કચેરી, લીમડી ખાતે મોકલવામાં આવ્યા છે. તેમજ અન્ય તાલુકા કચેરીઓમાં પણ ફેરફારો કરવામાં આવ્યા છે જેમાં શશીકાંત કટારાને ફતેપુરાથી સુખસર, વિનોદભાઈ પ્રજાપતિને સિંગવડથી સંજેલી, વિનેશ બારિયાને સંજેલીથી સિંગવડ, ચંદ્રગુપ્ત રાઠોડને ધાનપુરથી લીમખેડા અને પ્રદોષ ભગોરાને લીમખેડાથી ધાનપુર મામલતદાર કચેરી ખાતે બદલી આપવામાં આવી છે.

## ઈન્દોર હાઈવે પર પૂરપાટ જતી રિક્ષા પલટી મારી જતાં ૪ મુસાફરો ઈજાગ્રસ્ત

(પ્રતિનિધી) દાહોદ, તા.4

દાહોદથી મુસાફરો ભરીને ઈન્દોર હાઈવે તરફ જઈ રહેલી એક પેસેન્જર ઓટો રિક્ષાને અકસ્માત નડ્યો હોવાની ઘટના સામે આવી છે. હાઈવે પરથી પસાર થતી વખતે રિક્ષાના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા રિક્ષા માર્ગ પર જ પલટી મારી ગઈ હતી.

આ ગોઝારા અકસ્માતમાં રિક્ષામાં સવાર ચાર જેટલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. અકસ્માતનું કારણઃ દાહોદ તરફથી આવી રહેલી પેસેન્જર રિક્ષા ઈન્દોર હાઈવે પરથી પસાર થઈ રહી હતી તે સમયે અચાનક ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતા રિક્ષા પલટી ખાઈ ગઈ હતી. ઈજાગ્રસ્તોને સારવારઃ ઘટના બનતા જ આસપાસના લોકો મદદે દોડી આવ્યા હતા અને ત્વરિત ૧૦૮ એમ્બ્યુલન્સ ને જાણ કરવામાં આવી હતી. ૧૦૮ ની ટીમે ઘટનાસ્થળે પહોંચી તમામ ઈજાગ્રસ્તોને પ્રાથમિક ઉપચાર આપી વધુ સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

વાહનને નુકસાનઃ અકસ્માત એટલો જોરદાર હતો કે રિક્ષા પલટી મારી જતાં વાહનને પણ મોટું નુકસાન પહોંચ્યું છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે અકસ્માત સંદર્ભે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી અને તપાસ હાથ ધરી છે

## લીમખેડા હાઈવે પર ખાનગી બસ અને રિક્ષા વચ્ચેની ટક્કરમાં રિક્ષાચાલકનું મોત

દાહોદ : દાહોદ જિલ્લાના લીમડી-લીમખેડા હાઈવે પર આવેલા વાકોલ બ્રીજ નજીક એક કરૂણ અને ગમખ્વાર માગ અકસ્માત સર્જાયો છે. પૂરઝડપે આવી રહેલી એક ખાનગી ટ્રાવેલ્સ બસ અને ઓટો રિક્ષા વચ્ચે ધડાકાભેર અકસ્માત થતાં રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ ભયાનક અકસ્માતની ઘટનામાં રિક્ષાચાલકને ગંભી ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે રિક્ષામાં સવાર અન્ય એક મુસાફર ગંભીર રીતે ઘાયલ થયો હતો. ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક અસરથી સારવાર અર્થે નજીકના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. અકસ્માત અંગેની જાણ થતાં જ લીમડી પોલીસ મથકનો કાફલો સત્વરે ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

### પંચમહાલ જિલ્લામાં નારી વંદન ઉત્સવ

## ૨૪ શાળાઓમાં બેટી બચાવો બેટી પઢાવો દિવસ ઉજવાયો

૩,૯૦૦થી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

(પ્રતિનિધી) ગોધરા, તા.4

રાજ્યની મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સક્ષમ બને તથા સમાજમાં ગૌરવભેર સ્થાન પ્રાપ્ત કરે તેવા શુભ આશયથી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા. ૦૧ ઓગસ્ટથી ૦૮ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યમાં નારી વંદન ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં તા. ૦૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ વિવિધ ૨૪ શાળાઓમાં બેટી બચાવો બેટી પઢાવો દિવસની ભવ્ય અને અર્થસભર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લામાં યોજાયેલા આ વિશિષ્ટ કાર્યક્રમોમાં ૨,૩૭૪ વિદ્યાર્થીનીઓ અને ૧,૫૩૭ વિદ્યાર્થીઓ મળીને કુલ ૩,૯૧૧ બાળકોએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## નારી વંદના અધિનિયમને અનુરૂપ નિર્ણય લેવાતા દાહોદ જિલ્લા પંચાયતમાં હવે સાચે જ મહિલા રાજ

(પ્રતિનિધી) સુખસર, તા.4

દાહોદ જિલ્લા પંચાયતમાં છેવટે તમામ સમિતિઓના ચેરમનોની નિયુક્તિ કરવામાં આવી હતી, જેમાં તમામ સમિતિઓનું સુકાન મહિલાઓને સુપ્રત કરી, નોખો પ્રયોગ કરવામાં આવ્યો છે. જોકે સત્તા પક્ષમાં ૯૫ ટકા મહિલાઓ વિજેતા થઈ છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓ માટે વર્ષોથી ૫૦ ટકા અનામતની જોગવાઈ કરવામાં આવેલી છે.

ત્યારબાદ ભારત સરકાર દ્વારા પણ નારી વંદના અધિનિયમ અંતર્ગત દેશની લોકસભા અને રાજ્યોની વિધાન સભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત બેઠકો રાખવાની જોગવાઈ કરાઈ છે. ત્યારે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યમાં કરેલી મહિલા અનામત ની જોગવાઈ પ્રમાણે દાહોદ જિલ્લા પંચાયતની કુલ ૫૦ બેઠકોમાંથી દરેક રાજકીય પક્ષે ૨૫ બેઠકો મહિલાઓને ફાળવવી પડી હતી. ભાજપે પણ તે પ્રમાણે ૫૦% બેઠકો પર મહિલાઓની પસંદગી કરી હતી. તે પૈકી ૨૪ મહિલાઓ અને ૧૩ પુરુષ ઉમેદવારોએ જીત મેળવતા જિલ્લા પંચાયતમાં ભાજપે ૩૭ બેઠકો સાથે પુનઃ સત્તા પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ પ્રમુખપદ પણ આદિજાતિ મહિલા માટે અનામત હોવાથી સ્વાભાવિક રીતે મહિલા સભ્યની જ નિયુક્તિ કરાઈ હતી. આ ઉપરાંત કારોબારી સમિતિના ચેરમેન અને દંડક પદે પણ મહિલાઓની નિમણૂક કરાઈ હતી.

## દાહોદમાં SOGનો સપાટો : રહેણાંક મકાનમાંથી ૧.૭૪ લાખનો ગાંજા સાથે એકની ધરપકડ કરાઈ

(પ્રતિનિધી) દાહોદ, તા.4

દાહોદ એસ.ઓ.જી પોલીસે શહેરના ગોધરા રોડ હજારીયા ફળિયામાં સફળતા પૂર્વક પાર પાડેલા ઓપરેશનમાં એક મકાનમાં રેઈડ પાડી ઘર ધણીને રૂપિયા ૧,૭૭,૫૦૦/- ની કિંમતના ૩ કિલો ૫૫૦ ગ્રામ કુલ વજનના પ્રતિબંધિત એવા વનસ્પતિજન્ય માદક પદાર્થ સૂકા ગાંજાના જથ્થા સાથે પકડી પાડી જેલના સળિયા પાછળ મોકલી આપ્યાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી પ્રતિબંધિત એવા માદક પીણાં તેમજ માદક પદાર્થોના રવાડે ચઢેલ યુવાધન બરબાદીની ગર્તામાં ધકેલાઈ પોતાની તથા પોતાના પરિવારની બરબાદી નોતરી રહ્યું છે. જેથી આ બાબતને ખૂબ જ ગંભીરતા પૂર્વક ધ્યાને લઈ પ્રતિબંધિત માદક પીણા તથા માદક પદાર્થની હેરાફેરી તેમજ વેચાણ પર પ્રયતશીલ રહી છે. તેવા સમયે દાહોદ એસ.ઓ.જી શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.જે. રાણાને ખાનગી બાતમીદાર દ્વારા ઈનપુટ મળ્યા હતા કે દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના દાહોદ શહેરના ગોધરા રોડ રાબડાળ હજારીયા ફળિયામાં રહેતા દિનેશભાઈ હુમલાભાઈ મંડોડીયાએ પોતાના કબજા ભોગવટાના મકાનમાં પ્રતિબંધિત એવા વનસ્પતિજન્ય માદક પદાર્થ સૂકા ગાંજાનો જથ્થો ગેરકાયદેસર રીતે રાખેલ છે. જેથી ઉપરોક્ત બાતમીને આધારે વર્કઆઉટ કરી પોલીસ ઈન્સ્પેક્ટર એસ.જે. રાણાએ પંચો સાથે એસ.ઓ.જી. પી એસ આઈ એસીયુ જોશીસહિતની ટીમ અને મહિલા પોલીસ કોન્સ્ટેબલ મનીષાબેન નરભે રામભાઈ વગેરેને સાથે લઈ વાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા ઘર માંથી મળી આવેલ વન વનસ્પતિજન્ય માદક પદાર્થનું બાતમી હકીકતવાળો ઈસમ દિનેશભાઈ હુમલાભાઈ મંડોડીયા ઘરે હાજર મળી આવ્યો હતો. તપાસમાં એસઓજી પોલીસે રૂપિયા ૧,૭૭,૫૦૦/-ની કુલ કિંમત નો ૩ કિલો ૫૫૦ ગ્રામ કુલ વજન નો પ્રતિબંધિત એવો વનસ્પતિ જન્ય માદક પદાર્થ સૂકા ગાંજાનો જથ્થો પકડી પાડી સાથે સાથે રૂપિયા ૨૦૦૦/- ની કિંમતનો મોબાઈલ ફોન મળી રૂપિયા ૧,૭૯,૫૦૦/- નો મુદ્દામાલ ઘરધણી દિનેશભાઈ હુમલાભાઈ મંડોડીયાની ધરપકડ કરી છે.

## જમીન સર્વે ભવન દાહોદ ખાતે રેવન્યુ તલાટીઓની તાલીમ શિબિર યોજાઈ

(પ્રતિનિધિ) સુખસર,તા.૪

જિલ્લા વહીવટી તંત્ર હેઠળ કાર્યરત જમીન રેકર્ડ શાખા દ્વારા જમીન સંબંધિત સેવાઓને વધુ પારદર્શક, સુવ્યવસ્થિત અને સમયબદ્ધ બનાવવા માટે વિવિધ પ્રક્રિયાઓ અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવતી હોય છે. દાહોદ જમીન સર્વે ભવન ખાતે નવા ભરતી થયેલ રેવન્યુ તલાટીઓ માટે ૨૧ દિવસની રેગ્યુલર તાલીમ યોજાઈ રહી છે. જેમાં ૧૧૧ નવનિયુક્ત મહેસૂલી તલતીઓએ તાલીમ લઈ રહ્યા છે. જેમાં જમીનના ચોક્કસ સર્વેક્ષણથી લઈને રેકોર્ડ અપડેટ કરવા સુધીની સમગ્ર પ્રક્રિયા આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી કઈ રીતે કરવામાં આવે છે, એ અંગે વિસ્તાર પૂર્વક અને તાલીમ બદ્ધ રીતે માસ્ટર્સ ટ્રેનર્સ થકી તાલીમ આપવામાં આવી રહી છે. જેના પરિણામે નાગરિકોને ઝડપી અને વિશ્વસનીય સેવાઓ મળી રહી છે.

તાલીમ દરમિયાન મહેસૂલ વિભાગના અનુભવી અધિકારીઓ અને વ્યાખ્યાતાઓ દ્વારા ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯, વિવિધ સરકારી જોગવાઈઓ, તલાટી કમ મંત્રી દ્વારા નિભાવવામાં આવતી જવાબદારીઓ, રેકોર્ડ સંભાળવાની પદ્ધતિ, ઓનલાઈન સેવાઓ, નાગરિક કેન્દ્રિત સેવા પ્રદાન તેમજ શાસનની વિવિધ યોજનાઓના અસરકારક અમલીકરણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.